## આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ ખાતે "સજીવ ખેતી અને સર્ટિફિકેશન પદ્ધતિ" વિષય ઉપર રાજ્ય કક્ષાનો વેબિનાર યોજાયો

આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ અને ગુજરાત ઓર્ગેનિક પ્રોડક્ટ્સ સર્ટિફિકેશન એજન્સી (GOPCA), અમદાવાદના સંયુક્ત ઉપક્રમે તા. ૧૮.૦૬.૨૦૨૧ના રોજ ડો. કે. બી. કથીરીયા, માન. કુલપતિશ્રી, આકૃયુ, આણંદના અધ્યક્ષ સ્થાને "સજીવ ખેતી અને સર્ટિફિકેશન પદ્ધતિ" વિષય ઉપર રાજ્ય કક્ષાના વેબિનારનું આયોજન આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ ખાતે કરવામાં આવેલ, જેમાં કુલ ૯૦૦ જેટલા ખેડૂતો, વૈજ્ઞાનિકો, અધિકારીઓ, વિસ્તરણ કાર્યકરો તથા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો તેમજ અંદાજે ૨૦૦૦ થી પણ વધુ વ્યક્તિઓએ આ વેબિનારનું યુ-ટ્યૂબ દ્વારા જીવંત પ્રસારણ નિહાળેલ.

સદર વેબિનારના અતિથિ વિશેષ તરીકે  શ્રી. એમ. કે. કુરેશી, નિયામકશ્રી, ગુજરાત ઓર્ગેનિક પ્રોડક્ટ્સ સર્ટિફિકેશન એજન્સી, અમદાવાદ અને ડો. એમ. કે. ઝાલા, સંશોધન નિયામક અને અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, વેબિનારના કન્વીનર-ડો. વાય. એમ. શુકલ, આચાર્ય અને વિદ્યાશાખાધ્યક્ષ, બં. અ. કૃષિ મહાવિદ્યાલય, કો-કન્વીનર : ડો. બી. ડી. પટેલ, પ્રાધ્યાપક અને વડા, એગ્રોનોમી વિભાગ, બં. અ. કૃષિ મહાવિદ્યાલય, ઓર્ગેનાઇઝીંગ સેક્રેટરી ડો. પી. એમ. પટેલ, સહ પ્રાધ્યાપક, એગ્રોનોમી વિભાગ, બં. અ. કૃષિ મહાવિદ્યાલય અને કો- ઓર્ગેનાઇઝીંગ સેક્રેટરી તરીકે શ્રી આર. ડી. પ્રજાપતિ, ક્વોલીટી મેનેજર, ગુજરાત ઓર્ગેનિક પ્રોડક્ટ્સ સર્ટિફિકેશન એજન્સી, અમદાવાદ હાજર રહેલ હતા.

વેબિનારના પ્રાસંગીક ઉદ્દબોધનમાં ડો. કે. બી. કથીરીયા, માન. કુલપતિશ્રી, આકૃયુ, આણંદએ સજીવ ખેતીને લગતી વિવિધ બાબતો જેવી કે, સજીવ ખેતીની કૃષિ પેદાશોની બહારના દેશોમાં નિકાસની ઉજળી તકો, ખેડૂતો ગુજરાત સરકાર દ્વારા સંચાલિત ગુજરાત ઓર્ગેનિક પ્રોડક્ટ સર્ટિફિકેશન એજન્સી (GOPCA) દ્વારા પોતાની કૃષિ પેદાશોનું પ્રમાણન કરાવે તે અંગે ખેડૂતોને વધુ જાગૃત કરવાની જરૂરિયાત અને રાજ્યની ચારેય કૃષિ યુનિવર્સિટીઓ દ્વારા સજીવ ખેતી માટે વિકસાવેલ તાંત્રિકતાઓનો ઉપયોગ કરવાથી ખેડૂતો વધુ ગુણવત્તાસભર ઉત્પાદન લઇ શકે વગેરે બાબતોથી સર્વેને માહિતગાર કરેલ. શ્રી એમ. કે. કુરેશી દ્વારા ગોપકા (GOPCA)ની કામગીરીનો ચિતાર રજૂ કરી ખેડૂતોને સર્ટિફિકેશન માટે અનુરોધ કરવામાં આવેલ. ડો. એમ. કે. ઝાલા દ્વારા સર્વેને આણંદ કૃષિ યુનિવર્સિટીના સજીવ ખેતીને લગતા સંશોધનો, તાલીમ અને તાજેતરની નવી કૃષિ તાંત્રિકતાઓ વિશે અવગત કરાવવામાં આવેલ.

આ વેબિનારમાં આણંદ કૃષિ યુનિવર્સિટીના નિષ્ણાંત વૈજ્ઞાનિકો અને અન્ય મહાનુભાવો  દ્વારા સજીવ ખેતીને લગતા અલગ-અલગ વિષયો જેમ કે, સજીવ ખેતી અને પાકોની ગુણવત્તા, ઓછા ખર્ચે પોષણ વ્યવસ્થા, જીવાત વ્યવસ્થાપન, જંતુનાશકોના અવશેષો અને તેની જાણકારી, ખેત પેદાશોની નિકાસની તકો, પ્રમાણનનું મહત્વ તેમજ તેના ધારાધોરણો વગેરે વિષે વિગતવાર માહિતી આપવામાં આવેલ.

આ સેમિનારમાં સજીવ ખેતી કરતા આણંદ જિલ્લાના પ્રગતિશીલ ખેડૂત શ્રી ભાવેશભાઇ પટેલ અને મોગર ગામના શ્રી જિતેન્દ્રસિંહ સોલંકીએ પોતે અપનાવેલ સજીવ ખેતીના અનુભવો જણાવેલ. જૂનાગઢ જિલ્લાના શ્રી દિનેશભાઇ ગંદેચા અને સુરત જીલ્લાના શ્રી કિપલાણીભાઇ દેસાઇએ પણ આંબા અને ચીકુ જેવા બાગાયતી પાકોમાં તથા ખેડા જિલ્લાના કપડવંજના શ્રી નીતિનભાઇ પટેલે તડબુચ અને શક્કરટેટી જેવા ખેતી પાકોમાં સજીવ ખેતી અને સર્ટિફિકેશન વિષે પોતાના અનુભવો રજૂ કરેલ.


Zoom Meeting
Rahul Patel
0d21ccae
Shalini
K P Patel
View
Remove Pin
Recording Paused
LIVE
on Custom Live Streaming Service
HEARTY WELCOME
આપનું હાર્દિક સ્વાગત છે.
Dr. K. B. Kathiria
Vice Chancellor, AAU, Anand
Anand Agricultural University (AAU), Anand
Mute
Stop Video
Security
27
Participants
Chat
Share Screen
Resume/Stop Recording
Reactions
More
End
Type here to search
28°C
ENG
US
11:29 AM
6/18/2021


ANAND AGRICULTURAL UNIVERSITY
HEARTY WELCOME
આપનું હાર્દિક સ્વાગત છે.